# મહિલા કલ્યાણલક્ષી યોજનાઓના માર્ગદર્શન અંગેનો સેમિનાર ભામાશા કૉલેજમાં યોજાયો

બાયડ તા.૨૬

મહિલા અને બાળ અધિકારીની કચેરી અરવલ્લી શ્રી બી.એમ.શાહ કોલેજ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુ,એન્ડ રીસર્ચ, શ્રી બી.એમ.શાહ કોલેજ ઓફ ફાર્મસી,શ્રી એમ.કે.શાહ લાટીવાળા કોલેજ અને મહિલા અને બાળ અધિકારીની કચેરી અરવલ્લીના સંયુકત ઉપક્રમે 'કામકાજના સ્થળે મહિલાઓને જાતિય સતામણી (ફરિયાદનું નિવારણ રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ ૨૦૧૩' અંતર્ગત કાયદાકીય જાગૃતિ તથા મહિલા કલ્યાણલક્ષી યોજનાઓના માર્ગદર્શન અગેનો સેમિનાર ભામાશા હોલ કોલેજ કેમ્પસમાં યોજાયો.

કાર્યક્રમમાં સાંનિધ્ય સમારંભના અધ્યક્ષ, માનદ્મંત્રીશ્રી ડૉ.ધનશ્યામભાઈ જે.શાહ (શ્રીમતી કે..એ.મોદી એમ.એસ.ડબલ્યુ કોલેજ,મોડાસા), મુખ્ય મહેમાનશ્રી ધિરેનભાઈ એમ.પ્રજાપતી (શ્રીમતી કે..એ.મોદી એમ.એસ.ડબલ્યુ કોલેજ,મોડાસા) સમારંભના ઉદ્દઘાટક શ્રી દીપેનભાઈ પડ્યા (જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી મોડાસા-અરવલ્લી), ડૉ નરેશભાઈ મેણાત જિલ્લા દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીશ્રી મોડાસા-અરવલ્લી, શ્રીમતી કોકીલાબેન એ.મોદી.




એમ.એસ.ડબલ્યુ.કોલેજ મોડાસા પ્રિન્સીપાલ શ્રી રાકેશભાઈ.બી.પ્રજાપતિ તથા કોલેજનાં સ્ટાફગણ, તેમજ B.C.A,/P.G.D.C.A,/ B.B.A/.M.ed. સાયન્સ કોલેજના પ્રિન્સીપાલશ્રી હાજર રહેલ તથા મહિલા અને બાળ અધિકારી કચેરીના ફિલ્ડ ઓફિસર,મહિલા શક્તિ કેન્દ્રના કો-ઓડિનેટર,અરવલ્લી જિલ્લા રોજગાર કચેરીના કાઉન્સેલર ધારાબેન પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને કારકીર્દિલક્ષી અનુબંધમ પોર્ટલમાં રજીસ્ટ્રેશન અંગે તથા રોજગારલક્ષી માર્ગદશન આપવામાં આવ્યું હતું.તેમજ કોઈપણ મહિલા જો જાતિય સતામણીથી પીડિત છે તો તેને નિર્ભય પણે સલામતી સમિતિમાં જઈ પોતાની વ્યથા રજુ કરી શકે છે.જેથી પીડિત મહિલાને જાતિય સતામણી માંથી બચાવી શકાય.

જાતિય સતામણી ફરિયાદ નિવારણ અધિનિયમ-૨૦૧૩ ના કાયદા અનુસાર મહિલાઓ કામકાજ કોઈપણ જગ્યાએ નોકરી કે કામ કરતી મહિલાઓ ઉપર જાતિય સતામણી કરવામાં આવે છે.તેને તે અંગેના કાયદા,જાતિય સતામણી અટકાવવા માટે બનાવવામાં આવતી સલામતી સમિતિ ઉપર વિસ્તૃત માર્ગદશન આપવામાં આવ્યું હતું.

આ કાર્યકમમાં મોટી સંખ્યામાં વિર્ધાથીની તથા ભાઈઓ હાજર રહ્યા હતા. સદર સેમિનારમાં 'કામકાજના સ્થળે મહિલાઓને જાતિય સતામણી (ફરિયાદનું નિવારણ રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ ૨૦૧૩ અંતર્ગત કાયદાકીય જાગૃતિ તેમજ કાયદા વિષયક માર્ગદર્શન સેમિનારમાં માર્ગદશન પૂરૂ પાડેલ તથા આ સાથે મહિલાઓને મળેલા અધિકારોની વિસ્તૃત સમજ આપવામાં આવી.તેમજ મહિલા અને બાળ અધિકારીની કચેરીના સ્ટાફગણ દ્વારા સરકારશ્રીના તમામ વિભાગોની મહિલાલક્ષી યોજનાઓની વિસ્તૃત સમજ તેમજ માહિતી આપવામાં આવી.

### બનાસડેરી તરફથી પશુપાલકો અને ખેડૂતોને મોટી ભેટ

# દૂધના ભાવમાં પ્રતિ કિલો ફેટ પર રૂ.૨૫નો કરાયો વધારો

**દૂધ ઉત્પાદકોનો દૂધના વ્યવસાય થકી આર્થિક વિકાસ થાય તે હેતુથી ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરી દ્વારા કરાયો નિર્ણય**



પાલનપુર, તા. ૨૬

બનાસડેરી સાથે જોડાયેલા દૂધ ઉત્પાદકોની પશુપાલનના વ્યવસાય થકી આર્થિક ક્ષેત્રમાં પ્રગતિ થાય અને આત્મનિર્ભર બને તે હેતુથી બનાસડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરી દ્વારા દૂધના ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ.૨૫ નો ભાવ વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.

આ નિર્ણયથી જિલ્લાના સાડા ચાર લાખ પશુપાલકોને લાભ થશે. સમગ્ર એશિયામાં બનાસડેરી દૂધ સંપાદનમાં અગ્ર સ્થાને છે અને વિક્રમ જનક દૂધની આવક હોવા છતાં પણ એક પણ દિવસ પશુપાલકો જોડેથી દૂધ લેવાનું બંધ નથી રાખ્યું ત્યારે બનાસડેરી દ્વારા દૂધના ફેટના ભાવમાં ૨૫ રૂપિયાનો વધારાની જાહેરાત પશુપાલકો માટે એક આનંદના સમાચાર છે, જે મહત્વપૂર્ણ પણ છે.

## જન્મદિને વધામણી



સુધાબેન સી. શાહ
બી-૫૨,ગિરિરાજ સોસાયટી
બાયડ જિ. અરવલ્લી



અલ્પેશ ડી પટેલ
ધનસુરા જી.અરવલ્લી



અશોકભાઈ પટેલ
આકરુંદ હાલ અમદાવાદ

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# અરવલ્લી જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ૦૫ માર્ચ ૨૦૨૨ સુધી પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

બાયડ, તા. ૨૬

જીલ્લાના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા.૧૯ ફેબ્રુઆરી૨૦૨૨ થી તા.૦૫ માર્ચ ૨૦૨૨ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ.નરેન્દ્રકુમાર મીના અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઇ હુકમો જાહેર કરાયા છે.

જેમાં શારીરીક ઈજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઈ શકે તેવા શસ્ત્રો જેવાકે દંડા, તલવાર, ભાલા,સોટા,બંદુક, ચપ્પું, લાકડી કે લાઠી કે તેવી બીજી કોઈ વસ્તુઓ લઈ જવા અંગે અથવા સાથે લઈને ફરવુ નહી, કોઈ જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સ્ફોટક પદાર્થો લઈ જવા-ફરવા નહી,પથ્થરો કે બીજા હથીયારો ફેકવા કે નાંખવાના યંત્રો કે સાધનો લઈ જવા કે તૈયાર કરવા નહી, સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવી નહી, વ્યકિતઓ અથવા તેના તેના શબ, આકૃતિઓ કે આકાર અથવા પુતળા દેખાડવા નહી, લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા કે વાધ્ય વગાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી કે જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનુ તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવવાનુ કે સાથે રાખીને ફરવુ નહી.

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિકૃત કરેલા કોઈપણ અધિકારીશ્રીઓ, શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી રાખતા

વૃધ્ધ વ્યકિત તથા હથિયારના પરવાના ધારકો હથિયાર પ્રદર્શિત ન થાય તેમ ધારણ કરનાર, સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરની અધિકારીએ હથિયાર લઇ જવાનુ ફરમાવ્યુ હોય અથવા આવુ કોઈ હથિયાર ફરજ ઉપર સાથે રાખવાનુ આવશ્યક હોય, કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેનામામાં ઉલ્લેખ કરેલ તે પૈકીના હથિયાર ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખીતમાં મંજૂરી આપી હોય

તેવી સંસ્થા કે વ્યકિતઓ, ખેતીના કામે ઓજારો લઈ જતા ખેડૂતો, સરકારશ્રીના સરકારી કાર્યક્રમમાં

અધિકૃત વ્યકિતઓ, કોઈ પણ અંતિમયાત્રાને, લગ્નના વરઘોડામાં વરરાજાને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ (૩) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ને કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# ડીસાની ડીએનપી કૉલેજમાં ગાયન, વાદ્ય અને નૃત્ય કલા અભિવ્યક્તિ કાર્યક્રમ યોજાયો

### સ્વર કિન્નરી લતા મંગેશકરને શ્રદ્ધાંજલિ

ડીસા, તા. ૨૬

ડીસા ખાતે કાર્યરત ડીએનપી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે શુક્રવારે ગાયન, વાદ્ય અને નૃત્ય કલા અભિવ્યક્તિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ પર્ફોમન્સ કર્યું હતું.



ડીસાની ડીએનપી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આજે સપ્તધારાના કન્વીનર ડો. ભાનુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગીત-સંગીત નૃત્ય ધારાના કન્વીનર ડો.સુનિતાબેન ઠક્કર દ્વારા ગાયન, વાદ્ય અને નૃત્ય કલા અભિવ્યક્તિ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય રાજુભાઈ રબારી દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. સ્પોર્ટસ વિભાગના અધ્યક્ષ ડો.આર. ડી. ચૌધરીએ પ્રસંગોચિત ઉધબોધન કરીને વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી આજે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈને લતા મંગેશકરના વિવિધ ગીતો ગાઈને તેમને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. કાર્યક્રમની સફળતા માટે ગુજરાતી વિભાગના અધ્યક્ષ વી.સી સીસોદીયા, કોમર્સ વિભાગના અધ્યક્ષ કે.એમ.પટેલ, એ. આર .ચૌધરી,ડો એસ.આર. પારેખ, ડો. ટી.સી. પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો ક્રિષ્નાબેન સાડપા, લક્ષ્મણસિંહ વાઘેલા, અવિનાશ ચૌધરી, નરેશ ઝાલા, ડો. સુનિતા ઠક્કરે ભારે જહેમત ઉઠાવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનુસ્નાતક વિભાગની વિદ્યાર્થીની કિંજલ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## રક્તદાન મહાદાન

## ડીસાના બિહારીબાગ નજીક રહેણાક જમીન પચાવી પાડવા મામલે ફરિયાદ

**ત્રણ આરોપી વિરુદ્ધ પોલીસ ફરીયાદ દાખલ**

ડીસા,તા. ૨૬

ડીસાના બિહારીબાગ વિસ્તારમાં રહેતા તોસિફભાઈ હસનભાઈ મેમણની પોતાના રહેણાક મકાન માટેની જમીન વોર્ડ નમ્બર ૧૧ માં આકરણી નમ્બર ૧૧૨૯ થી ૨૨૩.૦૪ ચોરસ મીટરમાં પતારાનું મકાન પણ બનાવેલું છે આ જમીન તેમણે મનહરલાલ શિવલાલ સૈનીની દીકરી ખુશ્બૂબેન પાસેથી વેચાણથી રાખેલી. જેનો વેચાણ દસ્તાવેજ ૭૪૫/૨૦૨ છે જોકે આ જમીનને ગત તારીખ ૧૩/૪/૨૧ ના રોજ ડોલીવાસ ખાતે રહેતા અશોકભાઈ વિરચંદભાઈ ઠાકોરે ફોન કરી ને કહેલ કે તમે ખરીદ કરેલી જમીન મારી છે અને હું કબજો કરી તેમ કહી મારુ મકાન પચાવી પાડવા મામલે કબજો કરેલ. આ બાબતે તોસિફભાઈએ ડીસા દક્ષિણ પોલીસ મથકે અરજી કરેલી ત્યારબાદ અશોકભાઈ વિરચંદભાઈ ઠાકોર અને ગુલમહંમદ ઉર્ફે ગુલીયો ઈસાકભાઈ કુરેશી ,જહુર મહંમદ લાલમહંમદ કુરેશીએ સાથે મળી ગત તારીખ ૪/૬/૨૧ ના રોજ બપોરના સુમારે ભયનો માહોલ ઉભો કરીને તેમના પતરાવાળા મકાનનું તાળું તોડી કબજો કરેલ અને ત્યારબાદ જમીનમાં બાંધકામ કરવાનું શરૂ કરેલ. જે મામલે તોસિફભાઈ હશનભાઈ મેમણે ગત તા.૨૫/૨/૨૨ ના રોજ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધવાતા પોલીસે ત્રણેય વિરુદ્ધ વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી જમીન પચાવી પાડવા મામલે વધુ તપાસ હાથ ધરી છે.




જી.એમ.ઈ. આર.એસ.મેડિકલ કોલેજ હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લાના તમામ પ્રોગામ ઓફિસરશ્રી તેમજ સાબરકાંઠા જિલ્લાની ગવર્મેન્ટ આરોગ્ય સંસ્થાના તમામ અધિક્ષકશ્રી , મેડિકલ ઓફિસરશ્રી અને આયુષ મેડિકલ ઓફિસરની નેશનલ રેબીસ કંટ્રોલ પ્રોગ્રામ (NRCP) અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.રાજેશ પટેલના માર્ગદર્શન હેઠળ એપીડેમીક મેડિકલ ઓફિસરશ્રી ડો.જે.કે.પ્રણામી અને તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો.વિનોદ મુગડ દ્વારા તાલીમ આપી તમામને તાલીમબદ્ધ કરી નેશનલ રેબીસ કંટ્રોલ પ્રોગ્રામના સુચારુ અમલીકરણ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# બનાસકાંઠામાં ખનન પ્રવૃત્તિથી ભૂગર્ભ જળ ઉંડા ગયા હોવાના શક્તિસિંહ ગોહિલે આક્ષેપ કર્યો

**ખનન પ્રવુતિ અને યુક્રેનથી વિદ્યાર્થીઓને પરત લાવવા સરકાર ને આડે હાથ લીધી: પાલનપુર ખાતે આવેલા કૉંગ્રેસના નેતાએ પાણી મામલે આંદોલનની ચીમકી ઉચ્ચારી**

પાલનપુર તા. ૨૬

કૉંગ્રેસના નેતા અને રાજ્યસભાના સાસંદ શક્તિસિંહ ગોહિલ પાલનપુર ધારાસભ્ય મહેશ પટેલના પિતા સ્વ.એ.કે પટેલને શ્રધાંજલિ આપવા આવી પહોંચ્યા હતા બાદમાં પત્રકારો સાથેની મુલાકાતમાં યુક્રેન અને રસિયા વચ્ચેના યુધ્ધ તેમજ બનાસકાંઠામાં પાણીની સમસ્યાને લઈ ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકાર સામે આક્ષેપ કર્યા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર



ખાતે આવેલા કોંગ્રેસ નેતા શક્તિસિહ ગોહિલે સરકારને આડેહાથ લેતા જણાવ્યું હતું કે બનાસકાંઠામાં પાણીની ગંભીર સમસ્યા છે.ખેડૂતો ને સિંચાઈ માટે પાણી મળતું નથી જિલ્લામાં રેતી ખનન થી પાણી ઊંડા જઈ રહ્યા જેમાં સરકાર હપ્તા લઈ ખનીજનું ખનન કરાવી રહી હોઈ હપ્તાખોરીથી પાણીના તળ નીચા ગયાહોવાના ગંભીર આક્ષેપ કર્યા હતા. અને કોંગ્રેસની આગેવાની હેઠળ પાણી માટે તા. ૨૮ ના બનાસકાંઠામાં આંદોલન કરવામાં આવશે વધુમાં રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ મામલે ભારત સરકાર પર પણ નિશાન સાધ્યું હતું જેમાં ભારત સરકાર યુક્રેનમાં રહેલા ભારતીયોને પરત લવવા જોઈએ પરંતુ ભારતે પોતાની એર લાઈનશો વેચી દીધી હોઈ અનેક વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયા હોવાનું જણાવ્યુંહતું.

# બારીશી પરગણા ભાંભી સમાજ વાડીમાં સંત શિરોમણી રોહિદાસજીની જન્મ જયંતિ નિમિત્તે ઉજવણી યોજાઈ

ભિલોડા,તા.૨૬

ભિલોડા બારીશી પરગણા ભાંભી સમાજ દ્વારા સંત શિરોમણી રોહિદાસજીની જન્મ જયંતિ નિમિત્તે ઉજવણી યોજાઈ હતી.દિપ પ્રગટાવીને પુજન,અર્ચન કરી ને આરતી ઉતારી હતી.બારીશી પરગણા ભાંભી સમાજ ટ્રસ્ટના પ્રમુખ વાલજીભાઈ પરમાર,મંત્રી માંનાભાઈ સોલંકી,અરવલ્લી જીલ્લા ભાજપ એસ.સી. મોરચાના મહામંત્રી યોગેશભાઈ બુધ્ધ,સામાજિક કાર્યકર વિરચંદભાઈ પરમાર સહિત સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.




# ડીસાના દિવ્યાંગ ભવન ખાતે દિવ્યાંગ ભાઈ-બહેનોને કીટનું વિતરણ

### દિવ્યાંગોને પગભર કરવાનો નવતર પ્રયોગ

ડીસા, તા. ૨૬

અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ દ્વારા સંચાલિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય દિવ્યાંગ ભવન લાટી બજાર ડીસા ખાતે આજે વિકલાંગ વ્યક્તિઓને સ્વ રોજગારી મળી રહે તે માટે કીટ અને સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ દ્વારા ગુજરાત સ્ટેટ સીડસ કોર્પોરેશનના સી. એસ. આર. અનુદાન અંતર્ગત આજે ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયાના વરદ હસ્તે દિવ્યાંગ વ્યક્તિઓને સ્વ રોજગારી મળી રહે તે માટે કીટ અને સાધન સહાય આપવામાં આવી હતી. ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયાના વરદ હસ્તે દિવ્યાંગોને ૧૫ કેબિન,૧૫ સાયકલ, કરિયાણાની કીટ, બહેનોને ઘેર બેઠા રોજગારી




મળી રહે તે માટે બ્યૂટી પાર્લર કીટ તથા હાથ સિલાઈ મશીન સહિત અન્ય સ્વરોજગારી મેળવી શકે તે માટેની સાધન સહાય આપવામાં આવી હતી. આ દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમમાં ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા,શહેર ભાજપ પ્રમુખ પ્રતિક પઢીયાર સાથે પદ્મશ્રી ગેનાજી પટેલ, દેવેન્દ્રસિંગ સોલંકી બ્રાન્ચ મેનેજર ગુજરાત રાજ્ય બીજ નિગમ, મનીષભાઈ જોષી સમાજ કલ્યાણ અધિકારી બનાસકાંઠા, હિતેન્દ્રભાઈ ગઢવી જીલ્લા રોજગાર અધિકારી બનાસકાંઠા,ડૉ.જિતેન્દ્ર ગૌસ્વામી ઈન્ચાર્જ તાલુકા આરોગ્ય અધિકારી ડીસા, રાજેન્દ્ર શાહ અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદ પ્રમુખ,ડૉ.ભૂષણ પૂનાની સામાન્ય સચિવ અંધજન મંડળ અમદાવાદ તથા નંદિની રાવલ કાર્યકારી નિયામક અંધજન મંડળ અમદાવાદ ?સહિત ડીસા શહેરના નામી અનામી હોદેદારો કાર્યકરો સહીત સમર્થકો અને દિવ્યાંગ ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.